RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 154 * Date: 26.03.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## છત્તીસગઢમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ, ૨૫ લાખના ઈનામી ટોપ કમાન્ડર સહિત ત્રણ ઠાર



છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં નક્સલવાદીઓ સાથે અથડામણમાં સુરક્ષાદળોએ ત્રણ નક્સલીને ઠાર માર્યા છે. આ ત્રણેય માઓવાદીમાં તેમનો ટોપ કમાન્ડર સુધીર ઉર્ફ સુધાકર ઉર્ફ મુરલી પણ સામેલ છે. જેના માથે રૂ. ૨૫ લાખનું ઈનામ જાહેર કરાયુ હતું. સુરક્ષા કર્મીઓએ ઘટનાસ્થળ પરથી ઈન્સાસ રાઈફલ, ૩૦૩ રાઈફલ સહિત મોટા પ્રમાણમાં વિસ્ફોટક જપ્ત કર્યો છે. સુરક્ષાદળો આ વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન કરી રહ્યા છે. પોલીસ અધિક્ષક ગૌરવ રાયે જણાવ્યું હતું કે, દંતેવાડા અને બીજાપુર જિલ્લાની સરહદો પર સ્થિત ગિરસાપારા, નેલગોડા, બોડગા, અને ઈકેલી વિસ્તારોમાં નક્સલવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ ડીઆરજી અને બસ્તર ફાઈટર્સની ટીમે માઓવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં ત્રણ નક્સલીને ઠાર કરવામાં આવ્યા છે.સુરક્ષાદળોને જોતાં જ નક્સલીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. જેના જવાબી ફાયરિંગમાં ત્રણ નક્સલી ઠાર થયા હતા. જેમાં એકની ઓળખ સુધીર ઉર્ફ સુધાકર ઉર્ફ મુરલી રૂપે થઈ હતી. જેના માથે રૂ. ૨૫ લાખનું ઈનામ હતું. અન્ય બે નક્સલીની ઓળખ થઈ રહી છે. ત્રણેયના શબ પર સુરક્ષાદળોએ કબજો લીધો છે.પોલીસ મહાનિરિક્ષક બસ્તર રેન્જના સુંદરરાજ પી.એ જણાવ્યું કે, સરકારના નિર્દેશ પર લોકોની સુરક્ષા માટે ડીઆરજી, એસટીએફ, બસ્તર ફાઈટર્સ, કોબરા, સીઆરપીએફ, બીએસએફ, આઈડીબીપી અને સીએએફની સંયુક્ત ટીમે સંપૂર્ણ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. છેલ્લા ૮૩ દિવસમાં ૧૦૦થી વધુ નક્સલીને ઠાર માર્યા છે. ગત સપ્તાહે જ બે જુદા-જુદા ઓપરેશનમાં ૨૨ નક્સલીના ઢીમ ઢાળ્યા હતા. આ કાર્યવાહીમાં એક જવાન પણ શહીદ થયો હતો.ગૃહમંત્રીએ અગાઉ જણાવ્યું હતું કે, દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલમુક્ત બનાવવાનો લક્ષ્યાંક છે. જેના ભાગરૂપે સુરક્ષાદળો દ્વારા મોટાપાયે સર્ચ અભિયાન હાથ ધરાયા છે. ૨૦ માર્ચે બીજાપુર અને કાંકેરમાં ૩૦ નક્સલીને ઠાર કર્યા હતા. આ વર્ષે અત્યારસુધી રાજ્યમાં જુદી-જુદી અથડામણમાં ૧૧૬ નક્સલી માર્યા ગયા છે.

## ઉત્તર ગુજરાત યુનિ.ની પરીક્ષામાં ૨.૨૦ લાખ વિદ્યાર્થીઓ: ૨૭ માર્ચથી ત્રણ તબક્કામાં ૧૩૦ વિષયની પરીક્ષા શરૂ થશે, પાંચ જિલ્લામાં કેન્દ્રો




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા આગામી ૨૭ માર્ચથી માર્ચ-જૂન ૨૦૨૫ની પરીક્ષાઓનો પ્રારંભ થશે. આ પરીક્ષાઓમાં કુલ ૨ લાખ ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. પરીક્ષાઓ ત્રણ તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં ૨૭ માર્ચથી સ્નાતક સેમેસ્ટર ૬ અને અનુસ્નાતક સેમેસ્ટર ૪ની પરીક્ષાઓ લેવાશે. બીજા તબક્કામાં ૭ એપ્રિલથી સ્નાતક સેમેસ્ટર ૪ની પરીક્ષાઓ શરૂ થશે. ત્રીજા તબક્કામાં ૨૧ એપ્રિલથી સ્નાતક સેમેસ્ટર ૨ અને અનુસ્નાતક સેમેસ્ટર ૨ની પરીક્ષાઓ યોજાશે.યુનિવર્સિટી હેઠળના પાંચ જિલ્લાઓમાં ૧૩૦ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાઓ લેવાશે. બીએ, બીકોમ, બીઆરએસ, બીએસસી, બીએસડબ્લ્યુ, એમએસડબલ્યુ અને એમએસસી જેવા અભ્યાસક્રમોની પરીક્ષાઓ યોજાશે. પરીક્ષા નિયામક મિતુલ દેલીયાના જણાવ્યા મુજબ, ઉનાળાની સીઝનને ધ્યાનમાં રાખીને પરીક્ષાઓ ત્રણ સેશનમાં લેવાશે. આર્ટ્સના વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી તેમની પરીક્ષા સવારના સેશનમાં રાખવામાં આવી છે. ગેરરીતિ અટકાવવા માટે સેન્ટ્રલાઈઝ્ડ ઓબ્ઝર્વેશન પદ્ધતિનો ઉપયોગ કરાશે. ઓબ્ઝર્વર્સ યુનિવર્સિટીથી પરીક્ષા કેન્દ્રો પર જશે અને ઉત્તરવહીઓ પરત લાવશે. વિદ્યાર્થીઓ માટે પરીક્ષા કેન્દ્રો પર ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

## વિવાદ ઠારવા સરકારે ઠાકોર સમાજના કલાકારોને ગૃહ જોવા આમંત્રણ આપ્યું



તાજેતરમાં વિધાનસભામાં કલાકારોને આમંત્રણ આપવાના મુદ્દે વિવાદ થયો હતો, જેમાં ઠાકોર સમાજના કલાકારોને બાકાત રાખવામાં આવ્યા હતા. અભિનેતા વિક્રમ ઠાકોરે આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. હવે સરકારે આ બાબતની નોંધ લેતા વિક્રમ ઠાકોર સહિત ૨૦૦થી વધુ ઠાકોર સમાજના કલાકારોને આગામી ૨૬-૨૭ માર્ચે વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આમંત્રણ આપ્યું છે. અગાઉ અન્ય કલાકારોને બોલાવવામાં આવ્યા હતા, પરંતુ ઠાકોર સમાજના કલાકારોને આમંત્રણ ન મળતા વિવાદ થયો હતો, જે હવે સરકારના આ પગલાથી શાંત થયો છે.

## ગાંધીનગરમાં બોગસ પ્લોટિંગ સ્કીમથી ૫૯ લોકો સાથે ૧૩.૫૭ લાખની છેતરપિંડી




ગાંધીનગર જિલ્લામાં એક મોટું જમીન કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કુબેરનગરના એક વ્યક્તિએ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખના પતિની જમીન પર બોગસ સ્કીમ મૂકીને અનેક લોકો સાથે છેતરપિંડી આચરી છે. આરોપી પવન રઘુમલ ગંગવાણીએ હરસોલી ગામની સીમમાં આવેલી જમીન પર 'વૈકુંઠ વિહાર' નામની બોગસ સ્કીમ શરૂ કરી હતી. તેણે આ જમીનમાં ૫૯ જેટલા પ્લોટ વેચ્યા હતા. જમીનના માલિક કિરિટસિંહ બિહોલાને ત્યારે આ છેતરપિંડીની જાણ થઈ જ્યારે કિશોર ઠાકોર નામના વ્યક્તિએ સાઈટ પર આવીને પ્લોટની માલિકી હોવાનો દાવો કર્યો હતો.

કિશોર ઠાકોરે જણાવ્યું કે તેણે ૨૦૧૮માં પવન ગંગવાણી પાસેથી પ્લોટ ખરીદ્યો હતો. તેણે પ્લોટ પેટે ૧૩.૫૭ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આ રકમ હપ્તા સ્વરૂપે ચૂકવવામાં આવી હતી. જમીનના વાસ્તવિક માલિક કિરિટસિંહ બિહોલાએ આ મામલે દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પવન ગંગવાણી સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે.

## નિયમિત વેરો ભરીએ છીએ તો સુવિધાઓ કેમ નહિ?:કલોલ નગરપાલિકામાં ગટર-સફાઈની સમસ્યા અંગે રજૂઆત




કલોલ નગરપાલિકા ફરી વિવાદ આવી છે. ગતરોજ (૨૪ માર્ચે) બજેટ બેઠક દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં વોર્ડ ૩ના વિરમાયાનગર સોસાયટીના રહેવાસી મનોજકુમાર લેઉઆ તેમના વિસ્તારની ખારકૂવા, ગટર અને સફાઈની સમસ્યા અંગે રજૂઆત કરવા આવ્યા હતા. જ્યાં પટાવાળા સાથેની બોલાચાલી દરમિયાન ભાજપના કાર્યકરે તેમને કોલર પકડી બહાર કાઢ્યા હતા.ગતરોજ મનોજકુમાર લેઉઆ વોર્ડ ૩ની સમસ્યાઓને લઈ નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને મળવા આવ્યા હતા. જે દરમિયાન ફરજ પરના પટાવાળા સાથે તેમની બોલાચાલી થઇ હતી. જેમાં કલોલ નગરપાલિકાના સભ્ય કિંજલબેન પરમારના સગા અને ભાજપના કાર્યકર્તા યોગેશભાઈ વચ્ચે પડ્યા હતા. તેમણે મનોજભાઈનો કોલર પકડી તેમને બહાર નીકળી જવા કહ્યું હતું. જે બાદ આ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. અંતે કોંગ્રેસના નેતા ધનજીભાઈની દરમિયાનગીરીથી મામલો શાંત પડ્યો હતો. આ સમગ્ર મામલે મનોજભાઈ લેઉઆએ જણાવ્યું હતું કે, અમે અમારા વિસ્તારની સમસ્યા લઈને આવ્યા હતા અને આ લોકો અમને આમ બહાર કાઢી મૂકે તે કેટલું યોગ્ય કહેવાય?. દલિત સમાજના વિસ્તાર માટેની જે ગ્રાન્ટ આવે છે તે ક્યાં જાય છે? અમે નિયમિત વેરો ભરીએ છીએ તો અમને સુવિધાઓ કેમ નહિ?. ખારકૂવા અને ગટરની સમસ્યાને કારણે મહિલાઓને બહુ તકલીફ પડે છે.ઉલ્લેખનીય છે કે, મનોજકુમાર વર્ષ ૨૦૧૫થી આ સમસ્યા અંગે વારંવાર રજૂઆત કરી રહ્યા છે. તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી.જો કે, મનોજકુમાર લેઉઆએ આ બોલાચાલી અંગે કોઈ ફરિયાદ કે લેખિત રજૂઆત કરી નથી. આ અંગે ચીફ ઓફિસર સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ, તેમણે મિટિંગમાં હોય આ બાબતે અજાણ હોવાનું જણાવ્યું હતું.આ ઘટનાએ ભૂતકાળમાં થયેલા લાફાકાંડની યાદ તાજી કરાવી છે. પ્રજાના ટેક્સનાં નાણાંમાંથી પગાર મેળવતા પ્રતિનિધિઓ અને કર્મચારીઓનું આવું વર્તન જોઈ લોકોમાં રોષ ફેલાયો છે.ગત સપ્ટેમ્બર માસમાં પણ કલોલ નગરપાલિકામાં મારામારીનાં દૃશ્યો સામે આવ્યાં હતાં. જેમાં નગરપાલિકામાં વિકાસનાં કામોના રિટેન્ડરિંગને લઈ ચાલી રહેલી મિટિંગમાં મામલો ઉગ્ર બન્યો હતો. એ બાદ ઉશ્કેરાયેલા લોકોએ એકાએક કોર્પોરેટર ઉષાબેન રાવળના પતિ એવા દિનેશ રાવળને લાફાવાળી શરૂ કરી દીધી હતી. જ્યારે ટેબલ પર ચડી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડેનો ટપલીદાવ કર્યો હતો. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડે દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, ધારાસભ્યની ઓફિસમાં કામ કરતા છોકરાઓને એવું છે કે આખા કલોલમાં રાજાશાહીની જેમ રાજ કરવું છે.

## કપ્રવાસીઓ માટેની એસી બસમાં કોર્પોરેટરો ગાંધીનગર પહોંચ્યા

જૂનાગઢમાં પ્રવાસીઓ માટે ફાળવેલી એસી બસમાં બેસી ભાજપના કોર્પોરેટરો ગાંધીનગર મુખ્યમંત્રીને મળવા પહોંચી ગયા હતા. એ વાત જુદી છેકે, મુખ્યમંત્રી સાથે તેઓની મુલાકાત થઇ શકી નહોતી. આની સામે વિપક્ષ કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે. જૂનાગઢ મનપાના વિપક્ષી નેતા લલિત પણસારાએ જણાવ્યું છેકે, જૂનાગઢના નાગરિકો, સિનિયર સિટીઝન અને પ્રવાસીઓ માટે સરકારમાંથી એસી બસ ફાળવાઈ હતી. તેમાં હજી સુધી એકપણ પ્રવાસી બેઠા નથી. પણ ભાજપના કોર્પોરેટરો તેમાં બેસી ગાંધીનગર મુખ્યમંત્રીની મુલાકાતે ગયા છે. એક તરફ મહાનગરપાલિકાના શાસકો ઢોલ નગારા વગાડી લોકો પાસેથી ટેક્સની ઉઘરાણી કરે છે અને એનો આ રીતે હરવા ફરવામાં દુરૂપયોગ કરે છે. જૂનાગઢની મધ્યમ વર્ગની જનતા કાળી મજૂરી કરી મનપાને ટેક્સ ચૂકવે છે. આ ટેક્સના પૈસા આ રીતે વેડફવા યોગ્ય નથી. વિરોધ પક્ષ તરીકે આનો અમે સખત વિરોધ કરીએ છીએ. આના તમામ ખર્ચનો હિસાબ કમિશનર પાસે માગવામાં આવશે. આ તમામ ખર્ચ સૌથી અમીર ગણાતી ભાજપના પાર્ટી ફંડમાંથી ચૂકવાય એવી અમારી માગણી છે. જૂનાગઢના શાસકોએ ગાંધીનગર ખાતેના ધક્કા બંધ કરી જનતાના હિતના કામોમાં વળગવું જોઈએ. ચારેબાજુ ખોદેલા રસ્તા, પાણીની સમસ્યા, ચારેબાજુ ઉડતી ધૂળની ડમરીઓ અને વિકાસના કામો માટે તત્પરતા દાખવી તાત્કાલિક પૂરા કરવા જોઈએ. બાકી આમને આમ કોર્પોરેશનના સ્વભંડોળમાંથી ખર્ચાઓ કરવામાં આવશે તો ૫ વર્ષ પૂરા થઈ જશે. જૂનાગઢની જનતાએ ખૂબ મોટો વિશ્વાસ મૂકી અને ફરી પાછા ભાજપને બહુમતી આપી છે. તો તાત્કાલિક જનતાના અધૂરા પેન્ડિંગ પડેલા કામો પૂરા કરવા જોઈએ.જૂનાગઢ મહાનગરપાલિકાના નવનિયુક્ત કોર્પોરેટરો તથા પદાધિકારીઓએ ગાંધીનગર ખાતે મંત્રીઓની શુભેચ્છા મુલાકાત માટે પહોંચ્યા હતા. જૂનાગઢ મહાનગરના અધ્યક્ષ ગૌરવ રુપારેલિયા તથા ધારાસભ્ય સંજય કોરડીયાના અધ્યક્ષ સ્થાને તેઓ ઋષિકેશ પટેલ, કનુભાઈ દેસાઇ, રાઘવજી પટેલ, હર્ષ સંઘવી. મુળુભાઈ બેરા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી તથા દંડક બાલકૃષ્ણ શુકલ સાથે મુલાકાત કરી હતી, જેમાં જૂનાગઢ મનપાના મેયર ધર્મેશ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકર, શાસકપક્ષના નેતા મનન અભાણી, દંડક કલ્પેશ અજવાણી સહિત સંખ્યાબંધ કોર્પોરેટર જોડાયા હતા.

# તંત્રી લેખ.......

## અમેરિકાને ખુશ કરવા મોટો નિર્ણય લેવાની તૈયારીમાં ભારત

અમેરિકાને રાજી રાખવા માટે મોદી સરકારે ફાઈનાન્સ બિલ ૨૦૨૫માં સુધારો કરવાની તૈયારી કરી છે. ભારત સરકાર પહેલી એપ્રિલથી ડિજિટલ જાહેરાતોમાંથી કમાણી કરતી વૈશ્વિક કંપનીઓ પરથી ગૂગલ (ઘ્ક્ષ્ણ્ણી) ટેક્સ દૂર કરવા જઈ રહી છે. ટેક્સ બોજમાં ઘટાડો થવાથી ગૂગલ અને મેટા (સીંઠ) જેવી કંપનીઓને મોટી રાહત મળી છે. આ સુધારામાં સૌથી મોટા સમાચાર એ છે કે ૬% ઈક્વલાઈઝેશન લેવી દૂર કરવામાં આવી છે. આ કંપનીઓને આનો સીધો ફાયદો થશે. તો સમજીએ કે આ સુધારો શું છે, તે શા માટે આટલો મહત્ત્વપૂર્ણ છે અને તે આ ડિજિટલ કંપનીઓને કેવી રીતે ફાયદો કરશે. ઈક્વલાઈઝેશન લેવી એ એક પ્રકારનો ટેક્સ હતો જે ભારત સરકારે ૨૦૧૬માં રજૂ કર્યો હતો. આ ટેક્સ વિદેશી ડિજિટલ કંપનીઓ પર લાદવામાં આવ્યો હતો. જે ભારતીય યુઝર્સને ડિજિટલ સેવાઓ (જેમ કે જાહેરાતો, ઓનલાઈન શોપિંગ, ક્લાઉડ સેવાઓ) ઓફર કરે છે. તેનો મુખ્ય હેતુ એ હતો કે આ કંપનીઓ પર એ જ રીતે ટેક્સ લાદવામાં આવે જે રીતે ભારતીય કંપનીઓ પર લોકલ લેવલ ટેક્સ લાદવામાં આવે છે.૬ ટકા ઈક્વલાઈઝેશન લેવી દ્વારા વિદેશી કંપનીઓ જે ગૂગલ, મેટા, એમેઝોન પર ડિજિટલ જાહેરાતો દ્વારા ભારતીય જાહેરાતકર્તાઓ પાસેથી પૈસા કમાતી હતી. આ ૬ ટકા ટેક્સ તે કંપનીઓ પર લાદવામાં આવ્યો હતો. આ કંપનીઓને ભારતીય કર પ્રણાલીમાં લાવવા માટે આ લાદવામાં આવ્યું હતુ અને ભારતમાં તેમના દ્વારા કરવામાં આવતા વ્યવસાય પર કર લાદવામાં આવી શકે છે.

## હાંસોટ તાલુકાની સમલી વિસ્તારમાં પીવાના પાણીનો પોકાર



ભરૂચ જિલ્લાની હાંસોટ તાલુકાની સમલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ઉનાળાના પ્રારંભ સાથે જ પશુ,પંખી,પ્રાણીઓ,ખેડૂતો અને સ્થાનિક પ્રજાજનોને સિંચાઈ તેમજ પીવાના પાણી માટે વલખા મારવાની નોબત આવતા આ મુદ્દે ઉકાઈ જમણા કાંઠા નહેરના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી સત્વરે પાણી છોડવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનો અને ગ્રામ પંચાયતે રજૂઆત કરી છે.

# કવિ જવાહર બક્ષીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ મારી લેખમાળા 'ઊર્મિની અટારીએ'ના લેખને યાદ કરતા

"અમૃત ગઝલ પારિતોષિક" કેમ? એનો તાળો મારાં ચાર વર્ષ પહેલાંના કુમાર સામયિકના મે ૨૦૨૧ ના આ લેખની પ્રથમ લાઈનમાં જ મળી જશે. અરૂઝની જ આલબેલ પોકારનારાઓને એ નહીં સમજાય કદાચ!!

ઊર્મિની અટારીએ

કવિ જવાહર બક્ષીના જીવન કવનનો પરિચય

- પ્રતાપસિંહ ડાભી હાકલ

કવિતામાં જ્યારે તત્વજ્ઞાનનો વાસો થાય છે ત્યારે તે એની પરાકાષ્ઠાએ હોય છે અને દીર્ઘકાળ સુધી જીવંત રહેવાની સંભાવના ધરાવે છે .ગઝલના તો ચાર પ્રમુખ ઘટક એવા અંદાજે બયાં, હુશ્ને ખયાલ , મૌસીકી અને મારિફત (અધ્યાત્મ ) પૈકીનાં મારિફત એ વાતનો સંકેત કરે છે કે તત્વજ્ઞાન ઘૂંટવાનો કસબ ધરાવનાર કવિ ગઝલ મારફતે એનો આવિર્ભાવ બળકટ રીતે કરી શકે છે. ગુજરાતના આધ્યાત્મિક પાટનગર એવા જૂનાગઢમાં છેક નરસિંહના સમયના ભજન, પદ ને પ્રભાતિયાં થકી શરૂ થયેલ આધ્યાત્મિક કવિતા આગળ જતા ગઝલ સ્વરૂપે પણ વહેતી જોવા મળે છે. ગિરનારી ગુંજના પડઘામાં જ કદાચ એનું રહસ્ય છુપાયેલું છે. કવિ રાજેન્દ્ર શુક્લનું તો સમગ્ર ગઝલકર્મ એ જ નાદમાં પડઘાય છે .તો કવિ મનોજ ખંડેરિયાની ગઝલોમાં પણ એનો ઝણકાર અવારનવાર સંભળાયા કરે છે .ગિરનારી કંદરાઓને આમ સમરવાનું નિમિત્ત છે આ જ કડીમાં અલખ જગાવતા એક ઓર કવિની વાત કરવા નિમિત્તે .એ છે કવિ જવાહર બક્ષી.

શાળા શિક્ષણ વતન જૂનાગઢમાં લીધા પછી કૉલેજનો અભ્યાસ મુંબઈ ખાતે કરી આંકડાની ગણતરીએ ચડતા ચાર્ટડ એકાઉન્ટન્ટના વ્યવસાયી એવા કવિ જવાહર બક્ષીનો જન્મ ૧૯ મી ફેબ્રુઆરી ૧૯૪૭ ના રોજ થયો હતો. પિતાનું નામ રવિરાય, માતા નીલાવતી. આદ્યકવિ નરસિંહ મહેતાના વારસદાર એવા નાગર બ્રાહ્મણ આ કવિએ પ્રથમ ગઝલ તો રચી ૨૨ વર્ષની ઉંમરે પણ? પછી ગઝલને ઘૂંટવાનો જ મહાવરો રાખ્યો. વચ્ચે બારેક વર્ષ પરદેશગમન કરી પરત સ્વદેશ ફરીને કવિએ આ મહાવરો દ્રઢથી દ્રઢતર કરતા ગઝલ સર્જન કરતા જ ગયા , એને પ્રકાશિત કરવાની તમા કર્યા વગર ! ૧૯૯૯માં વિપુલ સર્જનમાંથી ગાળેલી ચાળેલી ગઝલો અને વિવિધ પ્રયોગસભર પ્રયુક્તિઓ સાથે 'તારાપણાના શહેરમાં' ગઝલસંગ્રહ સાથે કવિ ઉપસ્થિત થાય છે .તો પુન: આમ જ વૈવિધ્ય જાળવતાં 'પરપોટાના કિલ્લા' સંગ્રહ ૨૦૧૨ માં આવે છે. સામાન્ય રીતે જોવા મળે છે કે ગઝલ સંગ્રહમાં કોઈ વિભાગ જોવા મળતા નથી પરંતુ આ કવિએ પ્રથમ સંગ્રહની ગઝલોનું પ્રયોગની પ્રયુક્તિઓના આધારે તો વર્ગીકરણ કર્યું જ છે પરંતુ ભાવના આધારે પણ તેમ કરવું સ્વીકાર્યું છે. સંગ્રહના શીર્ષક તારાપણાના શહેરથી આરંભાતી આ સંગ્રહની ગઝલ યાત્રામાં કવિએ ભાવદ્રવ્યના સ્તરે વિવિધ વિભાગ પાડ્યા છે, જેમાં 'હોવાપણું' વિભાગ હેઠળ કેટલીક ગઝલો આપી છે. હોવાપણું એટલે કે અસ્તિત્વને કવિએ આમ તાક્યું છે :

અસ્તિત્વના ચારે તરફ ધસમસ થતાં આ પૂર વચ્ચે એક અવિચળ સ્તંભ છું,
માટીપગાના શહેરમાં જો તું મને શોધ્યા કરે તો હું તને ક્યાંથી મળું?

પોતાના સાવ નોખાં અસ્તિત્વનો ટંકાર કરતા કવિ એની ઓળખ આમ આપે છે :

જળનો જ જીવ છું ફરી જળમાં વહી જઈશ
પળભર બરફમાં બંધ છું પળમાં વહી જઈશ

તારી કૃપાથી તો થયો કેવળ બરફનો પહાડ
મારી તરસના તાપથી દરિયો થઈ ગયો

હોવાપણાની મસ્તીના રંગની ગઝલ મત્લાગઝલ સ્વરૂપે આવતા 'રંગરંગ' રદીફના પુનરાવર્તને કવિ ઈશ્કેહકીકીના રંગમાં કેવા રંગાયા છે તેની પ્રતીતિ થાય છે :

મય સમય ફેણ્યાં કરે હર પળ ધવલ છળ રંગરંગ
ખોબલે લૂંટાઈ પરપોટા પળેપળ રંગરંગ

વિભાગીકરણ કરવાની સાથોસાથ કવિએ કાલખંડીય નોંધ કરી જે તે વિભાગની રચનાઓનો સર્જનકાળ પણ દર્શાવેલ છે એ ધ્યાને લઈએ તો આ ઈશ્કેહકીકીની મસ્તીના પગરણ યુવા વયે જ મંડાઈ ચૂકયા હતા ને આગળ જતા ઘેરાં થતાં રહ્યાનું જણાય છે.

કોઈ હમણાં આવશે ૬૭ -૭૧ , વિષાદયોગ ૭૦ ,અને વિરહયોગ ૭૦-૭૨ જેવા વિભાગો સ્વાભાવિકપણે પ્રણયવૈફલ્યના સૂચક છે ને યુવાવસ્થામાં જ સાંપડેલા છે. જોઈએ એમાંના કેટલાક શેરમાં પ્રયોજાયેલાં પ્રતીક- કલ્પન થકી નીપજતી શેરિયત :

હું ક્યાં છું કોઈ તો કહો હું કોની પાસ છું?
સૂરજ, અરે સૂરજ, અરે સૂરજ છે કે નહીં?

તારો વિયોગ આંખમાં ખંડેર થઈ જશે
જયારે એ તારી શોધમાં ભટકીને થાકશે

કોઈ હમણાં આવશે ભીંતો ભણકારાય
એક અમસ્તી શક્યતા આખું ઘર પડઘાય

આમ ઈશ્કેમિજાજી અને ઈશ્કેહકીકીના તાર સમાંતરે શરૂઆતના દોરમાં જ વાગતા વાગતા 'રાસ ચાલે છે ' જેવા વિભાગમાં પરિવર્તિત થતાં ભીનો પંથ, સાંઈ, ચિત્તવૃત્તિ નિરોધ વગેરે જેવી ગઝલો રચાય છે.

દશે દિશાઓ સ્વયમ્ આસપાસ ચાલે છે
શરૂ થયો નથી તો પણ પ્રવાસ ચાલે છે

આ જ રંગ ; લીસોટો, ધુમ્મસ, રેખા વગેરે જેવાં રૂપકની રદીફ સ્વરૂપે પણ પ્રગટ થતો રહે છે . ગઝલ કૉલાજ વિભાગ પણ તગઝ્ઝુલ અને તવસ્સુફ બંને રંગમાં વહેંચાયેલો છે. આ બેઉની વચ્ચેના કોઈક સમયગાળાને સૂચવતો હોય એમ' વિષમ છંદની ગઝલો' જીવનનો પણ લય તૂટ્યાનો જાણે કે સંકેત આપે છે ,જે આખરે આમ સંધાય છે:

ઘટ ફૂટ્યાં માટીમાં માટી તો મળી એક ફેર છે
જે હતું આકાશ ઘટમાં એ હવે ઘટમાં નથી

મસ્તી વધી ગઈ તો વિરક્તિ થઈ ગઈ
ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો

આ સંગ્રહમાં પ્રયોગના આધારે : ગઝલની સ્વરૂપલીલા , મત્લા ગઝલ, એક સરખા કાફિયાની ગઝલ, એક રદીફની ગઝલો ,રૂપક રદીફની ગઝલો એવાં વર્ગીકરણ હેઠળ કેટલીક ગઝલો આપી છે .

પ્રત્યેક શેરનો ઉલા મિસરો યથાવત રાખીને કે સાની મિસરો એ જ રાખીને તેમ જ દુહાના ઢાળમાં પ્રત્યેક શેરમાં આગળના શેરનો સાની મિસરાનો અર્ધભાગ કે પૂર્ણ મિસરો પુનરાવર્તિત કરીને ,એમ ચાર પ્રયુક્તિઓ કરી સ્વરૂપની લીલા હેઠળ ચાર ગઝલો આપી છે.સ્વાભાવિક છે કે પુનરાવર્તન થકી ભાવનું દ્રઢીકરણ પણ અનુભવાય છે. પુનરાવર્તનમાં આવતી પંક્તિઓ 'નહિ દેખાઉં હું તો ભેજ જેવો છું હવામાં ' અને ' ચાલ આકાશ પાતાળ રમીએ હવે 'આ દ્રઢીકરણ માટે ખપમાં આવે છે. કવિની મત્લા ગઝલની વાત કરીએ તો વર્ગીકરણ પૂરતું ઠીક છે પરંતુ પ્રયોગની રીતે એનું ખાસ મહત્વ નથી એ જ રીતે એક રદીફની ગઝલોમાં ' માં' પ્રત્યયને રદીફ તરીકે લઈને કરેલ વર્ગીકરણ પણ પ્રયોગની રીતે કોઈ ખાસ અસર જન્માવતું નથી.

બીજો સંગ્રહ 'પરપોટાના કિલ્લા'માં પણ પ્રયોગશીલ વલણ દાખવવાનું ચાલુ રાખતા કવિ કુંડળી અને ત્રિપાદ કુંડળની કેટલીક ગઝલો ઉપરાંત ભજન ગઝલ ,છપ્પા ગઝલ ,ગરબા ગઝલ વગેરેના એક એક નમૂના આપે છે. સંગ્રહમાં રુબાઈ અને મુક્તકો પણ કવિએ સમાવિષ્ટ કર્યા છે. આમ કરીને કવિએ પોતાના પ્રયોગશીલ વલણનો પુનરોચ્ચાર કર્યો છે.

કુંડળી પ્રકારમાં ત્રણ દુહાના કાવ્યમાં પહેલા દુહાની પ્રથમ પંક્તિ અને છેલ્લા દોહાની અંતિમ પંક્તિ એક જ રાખીને કુંડળી રચવાનો પ્રયત્નો થાય છે તો ત્રિપાદ કુંડળમાં ટૂંકી બહરમાં ચાલતા ત્રણ ત્રણ પંક્તિના ઝુમખાઓમા ,એક ત્રિપાદની ત્રીજી પંક્તિનો પ્રથમ શબ્દ , એ પછીના ત્રિપાદ માં પ્રથમ પંક્તિમાં પ્રથમ શબ્દ રૂપે આવે છે વારંવાર શબ્દના પુનરાવર્તન થકી ભાવનું દઢીકરણ ઉત્તરોત્તર આગળ વધતું અનુભવાય છે .નમૂનારૂપ બે ત્રિપાદ જોઈએ :

બારી ખૂલી ગઈ છે/ કિન્તુ સુગંધ અહીંનો/રસ્તો ભૂલી ગઈ છે

રસ્તો ભૂલી જવામાં/ કેવી અજબ મજા છે /અમથી જ આવજામાં

પ્રથમ ગઝલ સંગ્રહમાં શરૂ થયેલો ઈશ્કે હકીકીનો રંગ આ સંગ્રહમાં પણ બરકરાર રહ્યો છે તેની સાબિતીરૂપના કેટલાક શેર જોઈએ :

હોવાનું આમ એકબીજામાં અટળ હશે
જળમાં વમળ હશે તો વમળમાંય જળ હશે

સમયનું બીજું નામ શંકા પડ્યું છે
ડરાવી ગયો બે ઘડીનો ધુમાડો

શૂન્યતા ક્યાં વારતાનો અંત છે
શૂન્યનો પણ કોઈ દ્રષ્ટા હોય છે

રુબાઈઓ લગભગ રચાતી જ નથી ત્યારે એ રચવાનો કવિનો પ્રયાસ આભાર - નિહારીકા રવિયા આવકારદાયક છે. કવિને શહેરનું વળગણ છે એની પ્રતીતિ બીજે થાય છે તેમ રુબાઈ થકી પણ મળે છે. કવિ સુદીર્ઘ સાધના પછી સંગ્રહો લઈને આવ્યા છે ત્યારે એમના આ મુક્તકને મમળાવતા શુભેચ્છાઓ પાઠવીએ કે તમો હવે નવા સંગ્રહ માટે પ્રતીક્ષા કરાવશો નહીં.

પ્રયત્નો જો, પરિશ્રમ જો, સહ્યું તેની સમીક્ષા કર,
જરૂરત હોય તો તું પાત્રતાની પણ પરીક્ષા કર,
પરંતુ બારણે આવ્યા પછી તું બોલ નહિ એવું,
'સમય પહેલાં જ આવ્યો છે હજી થોડી પ્રતીક્ષા કર'.

## કવિ બોટાદકર કોલેજનો ૫૮મો વાર્ષિકોત્સવ 'સાત રંગનાં સરનામે' યોજાઈ ગયો !



રિપોર્ટરઃ ભાવેશ પરમાર (બોટાદ)

બોટાદની સ્વનામ ધન્ય એવી એવી કવિ શ્રી બોટાદકર આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ નો ૫૮મો વાર્ષિકોત્સવ અને પ્રતિભાવંત છાત્રોનો અભિવાદન સમારંભ તા.૨૨/૦૩/૨૫ ના રોજ કૉલેજનાં ઓડિટોરિયમમાં યોજાઈ ગયો. સમારંભના અધ્યક્ષપદે શ્રી અતુલભાઈ પટેલ (એડવોકેટ,ભાવનગર), મુખ્ય મહેમાનશ્રી હરેશભાઈ મહેતા ( પી.એન.આર શાહ મહિલા કૉલેજ,પાલીતાણા) અને અતિથિવિશેષ શ્રી કાજલબેન સતાણી ( હિસાબનીશ,ટ્રેઝરી ઓફિસ બોટાદ) ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામ મહેમાનો કૉલેજનાં જ પૂર્વ વિદ્યાર્થીઓ હતાં. શાબ્દિક સ્વાગત ડૉ. જનક રાવલ સાહેબ દ્વારા અને પ્રાસંગિક ઉદ્દબોધન ડૉ.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબ દ્વારા કરાયું હતું. ત્યારબાદ મહેમાનશ્રીઓએ પોતાનાં વિદ્યાર્થીજીવનનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. કૉલેજનાં દરેક વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર ત ે મ જ દ્ગઝ્રઝ્ર,દ્ગજીજી,રમતગમત તેમજ અન્ય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને શિલ્ડ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. આભારવિધિ ડૉ. ગવલીસર દ્વારા અને સંચાલન ડૉ. તૃપ્તિબેન આચાર્ય અને ડૉ. એસ.કે.ઓડેદરા દ્વારા સુચારું રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્યશ્રી ડૉ.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા ખૂબજ ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું.

## યુથ પાર્લામેન્ટ દ્વારા ૨૬ માર્ચે વક્તૃત્વ સ્પર્ધા યોજાશે

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધિનગર દ્વારા પ્રેરિત કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી નર્મદા દ્વારા સંચાલીત તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ યુથ પાર્લામેન્ટ વકૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું છે. યુથ પાર્લામેન્ટ અંતર્ગત નર્મદા જિલ્લાના ૧૫ થી ૨૯ વર્ષની વયજુથના રસ ધરાવતા યુવક/ યુવતીઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ૧) ભારતીય બંધારણના ૭૫ ગૌરવશાળી વર્ષ, ૨) વિકસીત ભારતજ્ર૨૦૪૭, ૩) વન નેશન વન ઈલેક્શન વિકસીત ભારત માટે મોકળો માર્ગ વિષય પર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં ૫ મિનિટની સમય મર્યાદામાં પોતાનુ વક્તવ્ય આપવાનુ રહેશે.તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ વ્યાયામ પ્રચારક મંડળના નવ નિર્મિત હોલ (શ્રી અંબુભાઇ પુરાણી હાઈસ્કુલ ) ખાતે બપોર ૦૨:૦૦ થી ૦૩:૩૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે, તેમજ સ્પર્ધાનો સમય તે જ 'દિવસે સાંજે ૦૪:૦૦ વાગ્યાનો રહેશે. સ્પર્ધકોએ આધારકાર્ડ તેમજ બેંક પાસબુકની નકલ અચુક જમા કરાવવાની રહેશે. સ્પર્ધામાં વિજેતા ક્રમાંક પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ચાર થી દસ સુધીના વિજેતા સ્પર્ધકોને આશ્વાસન પુરસ્કાર આપવામાં આવશે.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બોટાદ દ્વારા ઈનોવેશન શેરિંગ વર્કશોપ યોજાયો



રિપોર્ટરઃભાવેશ પરમાર (બોટાદ)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બોટાદ દ્વારા કવિશ્રી બોટાદકર પ્રાથમિક શાળા ખાતે ઈનોવેશન શેરિંગ વર્કશોપ યોજાયો હતો જેમાં ધોરણ ૧ અને ૨ ના પ્રજ્ઞા શિક્ષકોએ ભાગ લીધો હતો.ઝોન અને રાજયકક્ષાએ પસંદગી પામનાર બોટાદ જિલ્લાના ઈનોવેટિવ શિક્ષકો દ્વારા પોતાના ઈનોવેશન દ્વારા શાળાનો શૈક્ષણિક ગ્રાફ સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઈનોવેટિવ શિક્ષકો દ્વારા પોતાના ઈનોવેશનની વાત કરી હતી અને શાળામાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તેની માહિતી આપી હતી.આ વર્કશોપની ભૂમિકા અને રૂપરેખા ડાયટ બોટાદનાં લાયઝન અધિકારી ડૉ.દિપકભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ઈનોવેટિવ શિક્ષકો મુકેશભાઈ પઢીયાર, મુકેશભાઈ વાળા, અજયભાઈ પાટડીયા, પોપટભાઈ ઓડ અને પાયલબેન પટેલ દ્વારા પોતાના ઈનોવેશનની માહિતી આપવામાં આવી હતી.



દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રીનરેન્દ્ર મોદી સાથે લોકસભાના દંડક અને વલસાડ- ડાંગના સાંસદ

## વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે સહપરિવાર વડાપ્રધાન શ્રી નરેંદ્ર મોદીની કરી શુભેચ્છા મુલાકાત

આહવા-ડાંગ

દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.અને આ મુલાકાતમાં તેમની પત્ની સુપ્રિયા પટેલ, પુત્ર યુગમ પટેલ અને પુત્રી શ્રીજા પટેલ પણ હાજર રહ્યા હતા.અને વડાપ્રધાને સાંસદની પુત્રી શ્રીજા સાથે સ્નેહપૂર્વક વાતચીત કરી હતી. તેમણે શ્રીજાને આશીર્વાદ આપ્યા અને તેના ઉજજવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપ્યું હતું. સાંસદ ધવલ પટેલે તેમના એક વર્ષના કાર્યકાળ દરમિયાન વલસાડ લોકસભા ક્ષેત્રમાં થયેલા વિકાસ કાર્યોનો રિપોર્ટ કાર્ડ રજૂ કર્યો હતો. વડાપ્રધાને તેમની કામગીરીની પ્રશંસા કરી અને પ્રોત્સાહન આપ્યું હતું. બેઠક દરમિયાન મત વિસ્તારના આગામી વિકાસ કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. વડાપ્રધાને આ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું અને વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog SS no 2o5**
વિષય..અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શિર્ષક...સહાશિક નારી
રચના.. પદ્ય  શબ્દો...૧૦૦

મન હોય તો માળવે જવાય
સાહસ વગર સિદ્ધી નથી
હિંમતે મર્દા તો મદદે ખુદા
આ બધી કહેવત ને સાર્થક કરતી
દિકરી એટલે સુનીતા વિલિયમ્સ
અરે નાનપણ માં સમુદ્ર ની લહેર
અને ઊડતાં પંખી ને જોય ને કયક બનવા નો સંકલ્પ લેનારી દિકરી
આજે એક નાસા ની આંતરિક્ષ બની ગય ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ ના રોજ
મુળ ભારતીય સાધારણ પરિવાર માં જન્મેલી દિકરી નો જન્મ
અમેરિકા ના ઓસુ રાજ્ય ના યુકેન શહેરમાં થયો હતો
આપણાં માં એક કહેવત છે કે
સિધ્ધી તેને જ વળે  જે પરસેવે ન્હાય
અંતરિક્ષ માં સૌથી વધુ સમય રહી ને
રેકોર્ડ બનાવનાર સાહસીક નારી ને
આ પથીક ના કોટી કોટી વંદન
પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય:અવકાશયાત્રી સુનિતા વિલિયમ
શીર્ષક:અંતરીક્ષ પરી
પ્રકાર: પદ્ય  શબ્દો:૯૦

સ્ત્રી સશક્તિકરણ આજ સ્ત્રીની કરાવી ઓળખાણ,
સ્ત્રીશક્તિના આજ દુનિયા કરે છે વખાણ!

ભારતની બેટી સુનિતા વિલિયમ બની અંતરીક્ષ પરી મહાન,
અમેરિકા જ નહીં ભારત અને વિશ્વની બની શાન!

હાર ન માની શોધ અને પ્રયોગ કરતી રહી,
નવ મહિના વિતાવ્યા ભૂખ તરસ વેઠી જીવી!

ધૈર્ય અને સાહસથી મંગળ પર તિરંગો લ્હેરાયો,
મેરેથોન દોડમાં પ્રથમ વિશ્વ પ્રતિભા પદ્મભૂષણ એવોર્ડથી નવાજ્યા!

નવો ઈતિહાસ રચ્યો માતા પિતાનું નામ કર્યુ રોશન,
દેશ વિદેશ કરે છે ભારતની નારીનું સન્માન!
પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શિર્ષક : પ્રેરણાદાયી વ્યક્તિત્વ..
પ્રકાર : લેખ  શબ્દો : ૧૯૫

સુનીતા વિલિયમ્સ એટલે આપણી ભારતીય મૂળનું અણમોલ રતન. એમનું નામ લેતાં જ ગર્વની લાગણી અવશ્ય અનુભવી શકાય. એમનાં વિષે લખવું કે બોલવું એ ખરેખર તો શક્ય નથી. સૂરજની સામે આંખો મેળવવા જેવી વાત છે. છતાં થોડી ઘણી જાણકારી અનુસાર એમને ઓળખવાની કોશિશ કરીએ.

સૌથી વધુ અવકાશ યાત્રા કરવામાં એમનો રૅકોર્ડ છે.૧૯૪ દિવસ સુધી અંતરિક્ષમાં રહેવું એ કંઈ નાનીસૂની વાત નથી. અમેરિકાના ઑહાયો રાજ્યમાં ૧૩ સપ્ટેમ્બર ૧૯૬૫ માં એમનો જન્મ. એમનાં પિતા મૂળ ગુજરાતી અને અમદાવાદ સ્થિત ડૉક્ટર તરીકે કાર્યરત હતા. બાદમાં વધુ કારકિર્દી માટે અમૅરીકા જઈ વસ્યા.. સુનીતાની માતા અમૅરીકન હતા. સુનીતાજીનો સંપૂર્ણ ઉછેર અમેરિકામાં જ થયો. ત્યાં જ ઊચ્ચ અભ્યાસ પ્રાપ્ત કર્યો. ૧૯૮૯મા નૅવલ ટ્રેનીંગ કમાન્ડો માં મોકલવામાં આવ્યાં જ્યાં એમને અનેક પ્રકારનાં હૅલીકોપ્ટર અને ઍરક્રાફ્ટ ઉડાડવાની તાલીમ મળી. સફળતા પૂર્વક તે તાલીમ પૂર્ણ કરી. એમની કારકિર્દીની શરૂઆત નાસા માંથી જ થઈ.
માઈકલ વિલિયમ્સ સાથેના લગ્ન બાદ એ સુનીતા વિલિયમ્સના નામે પરિચિત થયાં. માઈકલ વિલિયમ્સ પોતે પણ ખૂબ જ સફળ અંતરિક્ષ યાત્રી છે. એમની પ્રથમ અંતરિક્ષ યાત્રા બાદ સાબરમતી આશ્રમ આવ્યાં હતાં, જ્યાં તેઓ 'સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ ' થી સન્માનિત થયા હતા.

આમ, સુનીતા વિલિયમ્સનું જીવન આજની નારી માટે હંમેશા પ્રેરણાદાયી બની રહેશે. અસ્તુ !
◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષય:- અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ★
★શીર્ષક:-"ચંદ્ર સર કર્યો"★
★પ્રકાર:- પદ્ય શબ્દો :- ૧૦૨★
★"જયાં ના પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ"★- આ છે સત્યો,
અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે તો ચંદ્ર સર કર્યો.
જયાં ના પહોંચે....
ગુજરાતની આ દીકરીએ સમગ્ર વિશ્વમાં ગૌરવ વધાર્યું,
બાળપણમાં સાગરલહેર, ઊડતાં પક્ષીઓ ઊડતાં જોઈને મન દ્રઢ કર્યું,
★૧૯/૦૯/૧૯૬૫ ના"★ શુભ દિને યુકેન માં જન્મ ધારણ કર્યો.
જયાં ના પહોંચે.....
નારીશક્તિની તાકાત ને દ્રઢ મનસૂબાનો પરિચય આપ્યો,
નવ મહિના ભૂખ - તરસ સહીને પણ કપરો સમય વિતાવ્યો,
આ ભારતનો ત્રિરંગો ચંદ્રધરતી પર ગૌરવથી લહેરાવ્યો.
જયાં ના પહોંચે.....
અંતરિક્ષ ને ચંદ્ર જેવા ગ્રહ પર પહોંચવું ગૌરવનું કાર્ય,
ધરતી પર ચરણ મૂકીને બનાવ્યું આપણાં ભારતને ભવ્ય,
★"પંકજ"★- શત શત સલામ આ નારીરત્નને આદર આપ્યો.
જયાં ના પહોંચે......
★મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :- 390**
વિષય :- અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શિર્ષક :- સફળતા મારા હાથમાં
પ્રકાર :- ગદ્ય  શબ્દો :-૨૨૬

સફળતા મારા હાથમાં : સુનિતા વિલિયમ

સફળતા એ શબ્દ જ્યારે પણ સાંભળીએ છીએ, ત્યારે આપણા મનમાં કોઈ મહાન વ્યક્તિની છબી ઊભી થાય છે. પરંતુ સફળતાની વાત કરીએ તો સુનિતા વિલિયમ જેવી મહિલાઓ આપણા માટે પ્રેરણાસ્ત્રોત બને છે. તેમની જીવનયાત્રા એવી છે કે જેમાં સંઘર્ષ, ધૈર્ય અને સફળતાનો સુગંધિત મેળ છે.

પ્રારંભિક જીવન અને સંઘર્ષ
સુનિતા વિલિયમનો જન્મ એક સામાન્ય પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમને શિક્ષણ અને સ્વાતંત્ર્ય પ્રત્યે ખાસ લગાવ હતો. પરંતુ, સમાજના રૂઢિચુસ્ત વિચારો અને આર્થિક મર્યાદાઓને કારણે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. છતાં, તેમણે હાર ન માનતાં, પોતાના સપનાં માટે સતત પ્રયત્નરત રહ્યાં.

શિક્ષણ અને કારકિર્દી
સુનિતાએ શિક્ષણને પોતાની સફળતાનો આધાર બનાવ્યું. તેમણે કઠિન પરિશ્રમ કરીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પોતાની કારકિર્દીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન આપ્યું. તેમણે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી અને સમાજમાં મહિલાઓ માટે એક મિસાલ સ્થાપિત કરી.

સમાજસેવા અને પ્રેરણા
સફળતા પ્રાપ્ત કર્યા પછી, સુનિતા વિલિયમે સમાજસેવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે ગરીબ અને પછાત વર્ગની છોકરીઓને શિક્ષિત કરવા અને સશક્ત બનાવવા માટે અનેક પ્રયત્નો કર્યા. તેમના કાર્યથી અસંખ્ય યુવતીઓને પ્રોત્સાહન મળ્યું અને તેમણે પોતાના જીવનમાં સફળતા મેળવી.

સફળતાનો મંત્ર
સુનિતા વિલિયમની સફળતાનો મુખ્ય મંત્ર છે – ★★"હિંમત, હાર ન માનવી અને સતત પ્રયત્નશીલ રહેવું."★★ તેમના જીવનથી આપણે શીખીએ છીએ કે જીવનમાં કોઈ પણ મુશ્કેલી હોય, પરંતુ સાચી લાગણી અને મહેનતથી સફળતા જરૂર મળે છે.

નિષ્કર્ષ
સુનિતા વિલિયમની જીવનયાત્રા એ ફક્ત એક વ્યક્તિની કથા નથી, પરંતુ તે એક પ્રેરણાદાયી સંદેશ છે. તેમણે સાબિત કરી આપ્યું છે કે સફળતા કોઈ દૈવી વરદાન નથી, પરંતુ તે મહેનત, ધૈર્ય અને સચ્ચાઈથી મેળવી શકાય છે. આપણે પણ તેમની જેમ પોતાના સપનાં માટે લડીએ અને સફળતાને પોતાના હાથમાં લઈએ!

। સફળતા કદી પણ આકાશમાંથી નથી પડતી, તે મેળવવા માટે પરિશ્રમ જ જોઈએ છે." – સુનિતા વિલિયમ
??..... ઉર્વી ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :- 391**
★વિષય અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ★
★પ્રકાર  પદ્ય★ શબ્દો. ૧૦૦★
★શિર્ષક :  કસોટી હતી★

સફર ઘણી લાંબી હતી,
પરંતુ ચંદ્રને એ આંબી હતી.

જિગર કરી આ સફર કરી હતી,
આ સફર મા હિમ્મત મેં ક્યા હારી હતી.

ક્યાંક ભૂખથી તડપી રહી હતી,
ક્યાંક મારામાં ભારતીય નારી હતી.

સુનિતા વિલિયમ્સની આ યાદગાર સફર હતી,
આખાં વિશ્વની આના ઉપર નજર હતી

આખરે મંઝીલ અમે મેળવી લીધી હતી,
પરિક્ષા સાત આકાશ મા અમારી હતી.

પરીણામ તમારી સામે છે એ મારી જીત હતી,
હજારો પ્રાર્થના અને દુઆ મારી સાથે હતી.

સફળતા આમજ નથી મળતી,
બસ જીવનમાં આજ મારી આખરી કસોટી હતી.

પરવેઝ વડનગરી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 388**
વિષય :અવકાશ યાત્રી સુનિતા
આભાર - નિહારીકા રવિયા  વિલિયમ્સ
શીર્ષક :પરીકથા પ્રકાર : પદ્ય શબ્દો : ૨૪૩

અંતરીક્ષ ના રહસ્યો ને શોધવા, પૃથ્વી થી સતત ૧૯૪ દિવસ દૂર રહી,
દ્રઢ મનોબળ, ધૈર્ય, બુદ્ધિ મતા અને સુજબુજ થી જીવી.
અથાક પરિશ્રમ અને મેહનત નો કોઈ વિકલ્પ નથી, તે જેણે સમજાવ્યું.
પરીકથા થી અધિક વાસ્તવિકતા રોમાંચક હોઈ છે, તે સુનિતા વિલિયમ્સ સમજાવ્યું.

જેણે ૨૪ કલાક માં ૧૬ સૂર્યોદય અને ૧૬ સૂર્યાસ્ત નિહાળી .
જેણે ૯૦ મીનીટ  માં પૃથ્વી ની પ્રદક્ષિણા કરી.
જે જીવન ધરતી ઉપર શક્ય નથી, તેણે અંતરિક્ષ માં જીવી બતાવ્યું.
પરીકથા થી પણ રોમાંચક વાસ્તવિકતા હોઈ શકે છે, તે સુનિતા વિલિયમ્સ એ સમજાવ્યું.

સમય અને સંજોગો જયારે વિપરીત હોઈ,
તે પરિસ્થિતિ માં શારીરિક અને માનસિક સંતુલન જેમણે જાળવ્યું.
જ્ઞાન અને વિજ્ઞાન શું છે તે જેણે જીવી અને બતાવ્યું.
પરીકથા થી પણ રોમાંચક, વાસ્તવિકતા હોઈ શકે છે, તે જેણે સમજાવ્યું.

સ્પેસ વોલ્ક જાણે જેના માટે કેક વોક છે.
૭ વખત અવકાશ યાત્રા કરી, શારીરિક અને માનસિક તાકાત શું છે તે જેને બતાવ્યું.
પરીકથા થી પણ રોમાંચક, વાસ્તવિકતા હોઈ શકે છે
તે સુનિતા વિલિયમ્સ એ સમજાવ્યું.

કોણ કહે છે પરીઓ માત્ર પરીકથા માં જ હોઈ છે,
અનંત આકાશ માં વિહરતી પરીઓ માત્ર કલ્પના માં જ હોઈ છે.
પાંખો તો સ્વપ્ર ને પણ હોઈ છે, વિચારો નું પણ એક આકાશ હોઈ છે.
જે કરવું હતું બસ તેણે કરી ને બતાવ્યું, દ્રઢ મનોબળ સાથે જીવી ને બતાવ્યું.
કાલ્પનિક થી પણ રોમાંચક વાસ્તવિક જીવન તો બસ જાણે સુનિતા વિલિયમ્સ એ જીવી ને બતાવ્યું.

ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર ગુજરાત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 383**
વિષય : અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષક : "અવકાશથી ઊંચી હિંમત"
પ્રકાર : માઈક્રોફિકશન  - શબ્દો :૧૫૨

સુનિતા વિલિયમ્સે બાળપણથી જ તારાઓને નજીકથી જોવાનું સપનું જોયું. "છોકરીઓ માટે અવકાશ?"—આસપાસના પ્રશ્નોએ સુનિતાને શંકાની ઝાંખી તો કરાવી, પણ પિતાના પ્રેરક શબ્દો હંમેશા સાથે હતાં... "હિંમત હોય તો તારાં પગલાં અવકાશ પણ સર કરી શકે."

ખુલી આંખે જોયેલા સપનાની સફર આસાન નહોતી. નેવી પાઈલટ બનતી વખતે અનેક પડકારો આવ્યા. મિશન દરમિયાન મનોબળ ડગમગી ગયું હોત, પણ સુનિતાએ હંમેશા હિંમત અને સંકલ્પને પોતાનો સાથી બનાવ્યો. આજની સ્ત્રીઓ માટે તે પ્રેરણાનું જીવંત ઉદાહરણ બની.

૨૦૦૬માં, ૧૯૫ દિવસ અવકાશમાં રહી અને ૫૦ કલાક ૪૦ મિનિટ સુધી સ્પેસવોક કરીને નવો ઈતિહાસ રચ્યો.

૨૦૨૪માં, **Boeing Starliner Crew Flight Test** માટે પસંદગી પામી, સુનિતાએ ફરી સાબિત કર્યું કે હિંમત અને મહેનતની કોઈ સીમા નથી.

૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, સુનિતા વિલિયમ્સ ફરી અવકાશમાંથી પૃથ્વી પર પરત ફરી.

સુનિતા વિલિયમ્સની સફર સાબિત કરે છે કે ખુલી આંખે જોયેલા સપનાઓને સાકાર કરવા માટે સમય મર્યાદા નહીં, પણ હિંમત અને વિશ્વાસ જરૂરી છે. જાગતી આંખોના સપનાની ઉડાન અવકાશથી પણ ઊંચી હોય છે.
દર્શના મીતિ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -162**
વિષય- અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ  શિર્ષક- સર્વં શ્રેષ્ઠ પડકાર સુનિતા  વિલિયમ્સ
પ્રકાર- ગધ, શબ્દો-૫૫

અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ
નું અવકાશ થી આગમન,૯ મહિના ને ૧૩ દિવસ બાદ પૃથ્વી પર પરત ફર્યા કહેવાય છે આ કે
તેઓએ પૃથ્વી ની .૪,૫૭૬ વખત પરિક્રમા કરી હતી
સુનિતા નાસા તરફથી સ્પેસમાં કુલ.૬૦૬ દિવસ વીતાવનારી બીજા નંબરની મહિલા અવકાશયાત્રી બની છે
એટલું જ નહી તે વિશ્વ માં ઘેર ઘેર જાણીતુ નામ બની ગયા
હતા તેઓ ગુજરાતનું જ નહી ભારત નું સ્ત્રી રતન  હેમખેમ આવી પહોંચ્યા ગુજરાત ની દીકરી
શ્રધ્ધા ના અતૂટ સાથ સાથે મજબૂત મનોબળ તેમજ સંઘર્ષ સામે ઝઝુમતા રહી દીકરી નુ નામ
રોશન કરનાર સુનિતા વિલિયમ્સે
કરી દેખાડ્યું સંધર્ષ એટલે દીકરી અને દીકરી એટલે સંધર્ષ
રેખા નાકરાણી મુંબઈ

# આપણા કોન્ટ્રેકટરો લોખંડ તો વાપરે છે તેનો આભાર માનો!!

રોડ, પુલ, ઈમારતો એટલે શું? લોક તેને લોટ,પાણી ને લાકડા ગણે છે. લોકની માન્યતા એ છે કે આવી ઈમારતો ચાઈનીઝ માલસામાન જેવો તકલાદી હોય છે!! પતાના મહેલ જેવી હોય છે

આ ઈમારતો સરકાર બનાવતી નથી. આ કામના ટેન્ડરો બહાર પાડવામાં આવે છે. સૌથી નીચા ભાવનું ટેન્ડર ભરનારને ટેન્ડર આપવામાં આવે છે. આ ટેન્ડર શિડયુલ્ડ ઓફ રેટ કરતાં ઘણી વાર ત્રીસ પાંત્રીસ ટકા નીચા હોય છે!!

ટેન્ડરો ભરવાનું રાજકારણ છે. જેમ ચોર ચોરી કરવા માટે કોઈ મકાનની પાંચ છ દિવસ રેકી કરી શિકારની અવરજવરની ઝીણામાં ઝીણી વિગતો મેળવી શુભ ચોઘડિયામાં ચોરીની ઘટનાને અંજામ આપે તેમ તે વિસ્તારમાં ભરાતા નીચા ભાવના ટેન્ડરોની વિગતો લઈ, હરીફ પેઢીએ ભરેલા ટેન્ડરોની વિગતો હરીફ પેઢીના કર્મચારીને ફોડીને કે હરીથી પેઢી સાથે મળીને કાર્ટેલ કે રીંગ કરીને ખૂબ નીચા ભાવે ટેન્ડર ભરે છે!!

કામ કરવાની સમયમર્યાદા એક વરસ કરતાં ઓછી હોય તો નિયમ મુજબ પ્રાઈઝ એકસલરેશન ન મળે. આ લાભ મળે તે માટે અધિકારીને હાથ પર લઈ કામની સમયમર્યાદા બે ત્રણ મહિના લંબાવરાવે છે. વાસ્તવિક કિંમત કરતા પણ નીચા ભાવે ભરેલ અને મંજૂર ટેન્ડર ગળાબંધણુ ન બને તે માટે જથ્થાવધારો અને આઈટમ વધારો મંજૂર કરાવી નીચા ભાવે ભરેલ ટેન્ડરની ખોટ સરભર કરે છે!!

હવે રહી મકાનોની મજબુતીની. ૨૦૦૧ ના ભૂકંપમાં મજબુતી એવી ઠસોઠસ ટકે વરસોવરસનું આઈ કેચી સ્લોગન ધરાવતા પ્રાઈવેટ બિલ્ડરોના મલ્ટીસ્ટોરી બિલ્ડિંગો કડડભૂસ કરતા કાટમાળમાં તબદિલ થયેલ હતા. તે સમયે જેને તાબુત ગણી મશ્કરી કરવામાં આવતા હતા તેવા હાઉસિંગ બોર્ડના ફલેટ કે ટેનામેન્ટની કાંકરી હલી ન હતી!!

હમણા હમણા કવોલીટી કંટ્રોલ ચેક કરવાનું કામ છાપાવાળાએ જાતે લઈ લીધું છે. સ્ટિંગ ઓપરેશનનો ધંધો ફૂલ્યા ફાલ્યો છે. આધારકાર્ડ, કોરોના ટેસ્ટ રિપોર્ટ કેનેડાના વિઝા વગેરેના સ્ટિંગ ઓપરેશનો કરવામાં આવે છે!!

એક શહેરમાં બનતા પુલના પીલર-થાંભલામાં કેટલું લોખંડ નાંખવું જોઈએ અને કેટલું નાંખ્યું છે તેનું પોસ્ટમાર્ટમ કર્યું. ડુંગરો ખોદ્યો અને ઉંદર નીકળ્યો! પીલર-થાંભલામાં ૨૫ મિલિમિટરને બદલે ૨૦ મિલિમિટર લોખંડ વાપર્યું. પાતળા વાળ જેટલું ઓછું વાપર્યું તેમાં જાણે આકાશ રસાતાળ ગયું હોય તેમ ગય હોહા કરી નાંખી એક થાંભલામાં રૂપિયા ૧.૫૪ લાખ રૂપરડીનું લોખંડ ઓછું વાપર્યું તેમાં શું થઈ ગયું. રાષ્ટ્રીય સંપતિનો દુરવ્યવ અટકાયો અને એટલું લોખંડ રાષ્ટ્ર નિર્માણના અન્ય કામ કે બુલેટટ્રેનના નિર્માણમાં વાપરી શકાશે . લોંખંડ કાંઈ ઈન્સ્ટન્ટ ફૂડ કે ઘાસચારો નથી. એટલે પીત્ઝા કે મેગીની જેમ ભચડભચડ કરીને ખાઈ શકાય!!

સાહેબ આપણા કોન્ટ્રેકટરો તો ઘણા સારા છે.શક્ય છે કે સિમેન્ટને બદલે સાગોળ કે નકલી સિમેન્ટ વાપરે છે. સારા ગ્રેડની કપચીના બદલે હલકી વાપરે છે. ફ્રેશ લોખંડના બદલે રીસાઈકલ્ડ લોખંડ વાપરે છે. બીજા રાજ્યોમાં કાગળ પર લોખંડ, સિમેન્ટ, કપચી વગેરે માલસામગ્રીનો વપરાશ થાય છે. કાગળ પર કામ પૂરું થાય છે. કાગળ પરના પૂરા થયેલા કામોનું મેઈન્ટેન્સ થાય છે.!!એમાં જે કાંઈ બચત થાય તેનાથી ઘણા બધાના જીવન ધોરણમાં આમૂલાગ્ર પરિવર્તન આવે છે. અનેક લોકોની ખરીદશક્તિ વધે છે. આ રીતે અર્થતંત્ર બુસ્ટઅપ થાય છે. બોલો બધાને ફાયદો થાય છે કે નહીં? તો પછી તેરી બી ચુપ અને મેરી બી ચુપ રાખવામાં શું નુકસાન છે?

હવે નબળો રોડ બંને કે રોડ બન્યાના ચોવીસ કલાકમાં ડામર ચોંટે , અઠવાડિયામાં રોડ પરનો ડામર ઉખડી જાય અને ચુડેલના વાંસા જેવી કપચી કે મેટલ દેખાય, નિર્માણાધીન પુલ તૂટી જાય કે ફલાયઓવર તૂટી પડે તેને કામણટૂમણ કે મેલી વિધા, તાંત્રિક વિધિ કે ટોટકો ગણજો. કામ શરૂ થાય તે પહેલાં લીંબુ મરચાંનું

તોરણ ટાંગો કે રોડ ઉપરથી રાઈ મરચું ઉતારીને- નજર ઉતારીને ફેંકી દેજો. રાફેલની ડિલિવરી લેતી સમયે પૈડા પર લીંબુ મરચાંનું તોરણ બાંધવાના લીધે રાફેલ બુરી નજર કે મેલી છાયાના દુષ્પ્રભાવથી સલામત રહ્યું છે. એક પણ રાફેલ ક્રેશ થયું નથી.મિગ વિમાનને લીંબુ મરચાનું તોરણ ન બાંધવાના લીધે કેટલા બધા મિગ વિમાનો ક્રેશ થયા છે!!!

જય લીંબુ મરચા.!!!જય પરચા!! ન માનો તે ખર્ચા!!!

ભરત વૈષ્ણવ

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢ માં પલાશોત્સવ (વાર્ષિકોત્સવ) યોજાયો



તારીખ ૨૫/૦૩/૨૦૨૫ નાં રોજ સરકારી વિનયન કૉલેજ અમીરગઢ માં વાર્ષિકોત્સવ (પલાશોત્સવ) યોજાયો, જેમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. તેજસ આઝાદ, એસોસિયેટ પ્રોફેસર રાજયશાસ્ત્ર, ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા અને રામનિવાસ કચ્છવાહ સાહેબ, જીૈં, મેનેજર, અમીરગઢ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમની શરૂઆત ડૉ. વર્ષા ચૌધરી દ્વારા સુંદર પ્રાર્થના દ્વારા કરાવવાંમાં આવી હતી. ડૉ. મંજુલાબેન પરમાર દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા ગૃપ ડાન્સ, સ્કીટ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ત્યાર બાર ડૉ. તેજસ આઝાદ અને રામ નિવાસ સર દ્વારા વિદ્યાર્થીઓને સુંદર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ડૉ. તેજસ આઝાદ દ્વારા ઉદિશા પ્લેસમેન્ટ અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં માર્ગદર્શન માટે બંધારણ વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. એન. કે. સોનારા દ્વારા અધ્યક્ષીય ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. નરેશ જોષી, સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન સપ્તધારા અંતર્ગત કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિ માટે પ્રથમ આવનાર ત્રણ વિદ્યાર્થીઓ મહેમાનોના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા, અન્ય ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. ઈનામ વિતરણનું સંકલન સપ્તધારા કો ઓર્ડીનેટર ડૉ. નીતિન જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુમરા ઉસ્માન, રવિરાજ અને ડામોર દીપક દ્વારા કૉલેજના પોતાના અનુભવો વ્યકત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર કૉલેજ પરિવારનું સક્રિય યોગદાન રહ્યું હતું.



ચૈત્ર નવરાત્રી ગાયત્રી ચાલીસાનું સમૂહ અનુષ્ઠાન વિશ્વ કલ્યાણાર્થે ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા ૩૦-૩-૨૦૨૫ ચૈત્ર સુદ-૧ રવિવાર થી તા.૬-૪-૨૦૨૫ ચૈત્ર સુદ-૯ રામ નવમી સુધી બપોર ૩-૦૦ થી ૫-૩૦ દરમ્યાન સમૂહમાં ગાયત્રી ચાલીસા પાઠ,ગાયત્રી મંત્રો,મહામૃત્યુંજય મંત્રોના મંત્રોચ્ચાર,ભજન-સંગીત અને છેલ્લા દિવસે પૂર્ણાહુતિ ગાયત્રી યજ્ઞ દ્વારા થશે.સમૂહ ગાયત્રી ચાલીસા પાઠ અને ગાયત્રીયજ્ઞના કાર્યક્રમનું આયોજન સ્થળ: કામિનીબહેન રાકેશભાઈ પટેલ,પહેલોવાસ,નારણપુરાગામમાં રાખવામાં આવેલ છે.સંપર્ક કામિનીબહેન રાકેશભાઈ પટેલ મોબાઈલ નંબર ૯૮૨૪૬૭૫૨૩૫

# ૨૬૫ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાંથી ૧૬૫ સેન્ટર માં ૧૨ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે: કેગ અહેવાલ

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદ ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ હતું કે ગુજરાત રાજયના આરોગ્ય વિભાગના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ જોડાનારા દર્દીઓમાં સરકારી યોજના માટે ઉદાસીનતા જોવા મળી છેૈંદ્બઈઝ હોસ્પિટલના કેગ અહેવાલમાં અવલોકન છે કે ૨૬૫ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરો માંથી ૧૬૫ સેન્ટર માં ૧૨ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરમાં ૧૪૬ સેન્ટરોમાં ૧૦ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે જયારે ૧૮ સેન્ટરો જે નવેમ્બર ૨૦૨૧ અને ડિસેમ્બર ૨૦૨૩ સ્થપાયા હતા તેમાં એક પણ દર્દી નોંધાયા નથી. ૧૧૨ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં સાત થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે. ઓક્ટોબર ૨૦૨૩ સુધી માં ૧૦ સેન્ટર એવા છે કે જેમાં માત્ર એકજ દર્દી નોંધાયેલા મળ્યા છે. ગુજરાત રાજયમાં ૈંદ્બઈઝ ના અંદાજે ૬૫.૪૫ લાખ દર્દીઓ ક્રોનિક કિડની ડિસીઝ થી પીડાય રહ્યા છે જેમાં ૫૧,૩૭૮ દર્દીઓ એન્ડ સ્ટેજ કીડની ફેલ્યર થી પીડાય રહ્યા છે. ૈંદ્બઈઝ દ્વારા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં આપવામાં આવતી ડાયાલિસિસ સેવામાં માત્ર ૩૯૫૫ દર્દીઓ નોંધાયેલા છે જે સમગ્ર ગુજરાતના ક્રોનિક કિડની ડિસીઝના દર્દીઓની સંખ્યાના માત્ર ૦.૦૬% છે. ગુજરાત સરકાર કરોડો ના ખર્ચે જાહેરાત કરે પણ પીડિત લોકો સુધી વ્યવસ્થા પહોંચાડવામાં નિષ્ફળ છે તે આ આંકડાઓ માં પ્રતિબિંબિત થાય છે. વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન ૨૬૫ પૈકી માત્ર ૪૬ સેન્ટરના ઈસ્પેક્શનમાં કીડની ના નિષ્ણાત ગયા હતા. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં નેફ્રોલોજિસ્ટ અને યુરોલોજિસ્ટ દ્વારા વાર્ષિક ઈન્સ્પેકશન કરવા માં નથી આવ્યા તેવું કેગ ના અહેવાલમાં અવલોકન છે. ૈંદ્બઈઝ દ્વારા સંચાલિત ડાયાલિસિસ સેન્ટરોમાં ૮૮૧ સ્ટાફની ભરતી કરવામાં આવી છે તે તમામ ભરતી કોન્ટ્રાક્ટ આધારિત કરવામાં આવી છે, એક પણ કાયમી સ્ટાફની ભરતી થઈ નથી. ડોક્ટરો ઈન્સ્પેકશન માં ના જાય અને કાયમી સ્ટાફ ના હોય ત્યાં સારી આરોગ્ય વ્યવસ્થાઓ ક્યાંથી હોય? કેગ અહેવાલ નું અવલોકન દર્શાવે છે કે કીડનીના દર્દીઓને ગુજરાત રાજયના આરોગ્ય વિભાગના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં વિશ્વાસ નથી. કેગ અહેવાલ માં આરોગ્ય વિભાગ ની નિષ્ફળતા ઉડી ને આંખે વળગે તેમ છે. સરકાર ડાયાલિસ સેન્ટરોમાં કાયમી સ્ટાફ આપે અને દર્દીઓ ને વિશ્વાસ સંપાદિત કરવા માટે પૂરતી જાગૃતિ ફેલાવવા માટેની વ્યવસ્થા કે તેવી કોંગ્રેસ ની માંગ છે. જાહેર આરોગ્ય વ્યવસ્થા માં થી ગુજરાત ની જનતા ને વિશ્વાસ ઊઠી રહ્યો છે





રોટરી ક્લબ દ્વારા વ્હીલ ચેરનું વિતરણ રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા પ્રમુખ દેવસિંહ સહાની, ભૂતપૂર્વ પ્રમુખો ડૉ. ગિરીશ ત્રિવેદી અને હિમાંશુ અગાસીવાલા તેમ જ સેક્રેટરી રઘુનાથ પ્રભુ, રોટરિયન દીપક ઈસરાની વગેરેએ વૃદ્ધાને નવી વ્હીલ ચેર અને અન્ય સહાય આપવાના કાર્યક્રમના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### પાણી, પ્રકૃતિ અને પર્યાવરણનું જતન કરતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી

# પ્રાકૃતિક ખેતીની સફળતાનાં મુખ્ય આયામો બીજામૃત, જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત



આહવા-ડાંગ

ખેતીને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાંથી બહાર કાઢીને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરનાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને દરેક દેશવાસીના હિતમાં પ્રાકૃતિક ખેતીને એક જન આંદોલન બનાવવા આહવાન કર્યુ છે.પ્રાકૃતિક ખેતી કોઈપણ રસાયણ પર આધારિત નથી જેથી ખેડૂતોને રસાયણ પર થતાં ખર્ચથી બચાવે છે તેમજ ખેત ઉત્પાદનમાં ઘટાડો કર્યા વિના જળ, જમીન અને પર્યાવરણનું સંવર્ધન કરે છે. પ્રાકૃતિક ખેતીથી દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. લોકોને આરોગ્યપ્રદ અનાજ મળે છે અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના સારાં ભાવ મળે છે, જેનાથી ખેડૂતોની આવક વધે અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવે છે. પ્રાકૃતિક ખેતીની વ્યવસ્થા બિન ખર્ચાળ અથવા ઓછી ખર્ચાળ ખેતી વ્યવસ્થા છે, કે જેનાથી પોષણક્ષમ ખેત ઉત્પાદન કરી શકાય છે અને ખેડૂતનું જીવન ધોરણ સુધારી શકાય છે. પ્રાકૃતિક ખેતી માટે જરૂરી આયામોનું ધ્યાન રાખીને ઉપયોગ કરવાથી શ્રેષ્ઠ ઉત્પાદન મેળવી શકાય છે. તેનાં આયામોમાં બીજામૃત, જીવામૃત અને ઘન જીવામૃતનો સમાવેશ થાય છે. બીજામૃત તૈયાર કરવા માટે ખેડૂતોએ ૦૫ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૦૫ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ, ૫૦ ગ્રામ ચુનો અને ૦૧ મુઠી ઝાડ નીચેની માટીને ૨૦ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૦૦ કિ. ગ્રા. બિયારણને પટ આપવા માટે ૨૪ કલાક બાદ ઉપયોગમાં લઈ શકાય છે.

જીવામૃત તૈયાર કરવા ખેડૂતોએ ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૧૦ કિ.ગ્રા. દેશી ગાયનું તાજુ ગોબર, ૦૧ મુઠી ઝાડ નીચેની/શેઢા-પાળા/વાડની માટી, ૦૧ કિ.ગ્રા. દેશી ગોળ, ૦૧ કિ.ગ્રા. ચણા કે કોઈપણ દાળનાં લોટનું મિશ્રણ તૈયાર કરી તેને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી મીલાવવું ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયામાં રાખવું. લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૨ વખત ૫-૫ મિનિટ માટે મિશ્રણને હલાવવું. ઉનાળામાં બે ત્રણ દિવસ અને શિયાળામાં એક અઠવાડિયાનાં સમયગાળામાં જીવામૃત તૈયાર થઈ જશે અને તૈયાર થયાનાં ૧૫ દિવસ સુધી આ જીવામૃતનો ઉપયોગ કરી શકાય છે. એક એકર માટે ૨૦૦ લીટર જીવામૃતને ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું, ઉભા પાક પર છંટકાવ કરવો જોઈએ. ઘન જીવામૃત તૈયાર કરવા ખેડૂતોએ ૨૦૦ કિ.ગ્રા. સખત તાપમાં સુકવેલ અને ચારણીથી ચાળેલા દેશી ગાયનાં ગોબરને ૨૦૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી ત્યારબાદ પાતળું સ્તર કરી સુકવવું. આ સ્તરને દિવસમાં ૨-૩ વાર ઉપર નીચે કરવું. સુકાઈ જાય ત્યારે ગાંગડાનો ભુકો કરી એક વર્ષ સુધી વપરાશમાં લઈ શકાય છે.

# શ્રી વી.એમ.સાકરિયા મહિલા કોલેજ બોટાદ ખાતે વાર્ષિકોત્સવ -૨૦૨૫ ઉજવાયો



રિપોર્ટર: ભાવેશ પરમાર (બોટાદ)

સરદાર વલ્લભભાઈ પટેલ એજયુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ સંચાલિત શ્રી વી.એમ. સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજ તેમજ શ્રી વી.એમ. સાકરિયા મહિલા કોમર્સ કૉલેજ બોટાદમાં તા. ૨૨/૦૩/૨૦૨૫ અને ૨૫/૦૩/૨૦૨૫ એમ બે તબક્કામાં વાર્ષિકોત્સવ-૨૦૨૫ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ તબક્કામાં તા.૨૨/૦૩/૨૦૨૫ શનિવારના રોજ ‘ થનગનાટ ‘ શીર્ષક હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બન્ને કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.જેમાં લોકનૃત્ય, તલવાબાજી, નાટક, સાંસ્કૃતિક કેટવોક, વુમન એમ્પાયર વગેરે કૃતિઓ ઉત્સાહભેર રજૂ કરવામાં આવી હતી. અલ્પાહાર સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. વાર્ષિકોત્સવના બીજા તબક્કામાં તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ શૈ.વર્ષ ૨૦૨૪-૨૫ માં શૈક્ષણિક અને શિક્ષણપૂરક પ્રવૃત્તિમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓનો ઈનામ વિતરણ, તૃતીય વર્ષના વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા સમારંભ તેમજ સેવા નિવૃત્ત કર્મચારીનો વિદાય સમારંભ એમ ત્રિવિધ કાર્યકર્મ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી અમદાવાદના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય હતા. સરદાર વલ્લભભાઈ પટેલ એજયુ. અને ચેરી. ટ્રસ્ટના પ્રમુખ પ્રો.એસ.કે.. ધનાણી સાહેબ , મંત્રી શ્રી ડૉ.જે.બી. ચંદ્રાણી સાહેબ, દાતા તેમજ ટ્રસ્ટી શ્રી હરેશભાઈ સાકરિયા, તક્ષશિલ એજયુ. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રભુભાઈ ત્રાસડિયા, સ.વ.પ.ના ટ્રસ્ટી હરિકૃષ્ણભાઈ કાકડિયા, કન્યા વિદ્યાલયના આચાર્યા અને સ્ટાફ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ સમૂહ પ્રાર્થનાથી થયો હતો. ત્યારબાદ આર્ટ્સ કૉલેજના આચાર્યા ડૉ.એ.શારદાબેન પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આજના કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ.અમીબેન ઉપાધ્યાય દ્વારા વિદ્યાર્થિનીઓને જીવન ઘડતર વિષયક મનનીય વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રસ્ટી તેમજ દાતા શ્રી હરેશભાઈ સાકરિયાએ વક્તવ્યમાં પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. સ.વ.પ. ટ્રસ્ટ ના પ્રમુખ પ્રા. એસ.કે.ધનાણીસાહેબે પણ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થિનીઓને જીવનલક્ષી શીખ આપી હતી. તક્ષશિલા એજયુ.ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રભુભાઈ ત્રાસડિયાએ પણ પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. આજના કાર્યક્રમનો ત્રીજો ઉપક્રમ સેવાનિવૃત્ત થનાર સેવિકા રસીદાબેન શેલતનો સન્માન સમારંભ યોજાયો હતો.જેમાં સન્માનપત્ર, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. શૈક્ષણિક અને સહઅભ્યાસક પ્રવૃત્તિમાં સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થિનીઓને મેડલ, શિલ્ડ અને પ્રમાણપત્ર મહેમાનશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં વિદાય લઈ રહેલ સેમ.૬ની વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની બહેનોએ સુપેરે સંભાળ્યું હતું. કૉલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર અને કૉલેજની વિદ્યાર્થિનીઓની બહોળી સંખ્યામાં હાજરીથી કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો.આભારવિધિ કોમર્સ કૉલેજના ઈ.આચાર્ય શ્રી જી.બી. રામાવત સાહેબે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ આર્ટ્સ કૉલેજના આચાર્યા ડૉ. શારદાબેન પટેલ અને કોમર્સ કૉલેજના ઈ. આચાર્ય શ્રી જી.બી. રામાવત સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# સમસ્ત વરીયા ચોવીસી પ્રજાપતિ સમાજ બોટાદ દ્વારા નગર પાલિકા પ્રમુખનો સન્માન સમારોહ

રિપોર્ટર: ભાવેશ પરમાર (બોટાદ)





વરીયા પ્રજાપતિ સમાજ મૂળભૂત રીતે ચોવીસ ગામમાં વસવાટના કારણે ચોવીસી સમાજ તરીકે ખ્યાતી પામ્યો આજે તો ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક શહેરોમાં તેઓ વસવાટ કરી રહ્યા છે. વરીયા સમાજ પરંપરાગત બાંધકામ (કડીયાકામ) વ્યવસાય પછી આજે જુદા જુદા ઉદ્યોગો, બિજનેશ, સરકારી અને ખાનગી નોકરી તેમજ જુદા જુદા સેવાકીયક્ષેત્રમાં સ્થાન પામ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા બોટાદ નગરપાલિકા પ્રમુખ તરીકે વરીયા સમાજના અગ્રણી શ્રીમતી ધર્મિષ્ઠાબેન ઉપેન્દ્રભાઈ જોટાણીયાની નિમણુક થતા સમસ્ત વરીયા ચોવીસી પ્રજાપતિ સમાજ બોટાદ દ્વારા તેઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ.આ સન્માન સમારોહમાં બોટાદ વરીયા ચોવીસી સમાજ તરફથી આપેલ રાજકીય, સામાજિક સેવાઓને યાદ કરવામાં આવેલ. અગાઉ બોટાદ નગરપાલિકામાં પ્રમુખ તરીકે સેવા આપેલ સમાજના મુરબ્બીઓએ બોટાદ નગર માટે કરેલ કાર્યોની સરાહના સાથે શ્રીમતી ધર્મિષ્ઠાબેન જોટાણીયાને નગર વિકાસ માટે કામગીરી કરવા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. વરીયા ચોવીસી પ્રજાપતિ સમાજ માંથી બોટાદ નગર પાલિકાના પ્રમુખ તરીકે પ્રથમ મહિલા તરીકે બહુમાન મેળવેલ ધર્મિષ્ઠાબેનના સન્માનમાં વરીયા ચોવીસી પ્રજાપતિ સમાજ બોટાદ જ્ઞાતિ મંડળ, સમાજના આગેવાનો, વેપારીઓ, વરીયા યુવા શિક્ષણ સમિતિનાં સભ્યો, મહિલા શિક્ષણ મંડળ બહેનો, સાર્વજનિક વરીયા ગણેશ મંડળ, વરીયા ક્રિકેટ ટીમ બોટાદ, ધર્મિષ્ઠાબેનના પિયર અને સાસરી પક્ષના સભ્યો, જોટાણીયા પરિવાર ઉપરાંત વ્યક્તિગત રીતે પણ સન્માન કરી મોમેન્ટો, સાલ, પહેરામણી, પુષ્પગુચ્છ આપવામાં આવેલ. આ તકે ધર્મિષ્ઠાબેનએ વરીયા માતાજી અને સમાજના આગેવાનોના આશીર્વાદને સ્વીકારી તેઓના બાળપણથી લઈ પ્રમુખપદ સુધીના અનુભવો યાદ કરેલ તેમજ સ્વચ્છ બોટાદ અભિયાનમાં જોડાવા સહુને અપીલ કરેલ.કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ધર્મેન્દ્રભાઈ સાપરા તેમજ આભાર વિધિ ભાવેશભાઈ જોટાણીયાએ કરેલ. સમાજના આગેવાન પંકજભાઈ ઝાંઝરુકીયા, ઘનશ્યામભાઈ ઝાંઝરુકિયા, રાજેશભાઈ ગણેશ મંડળના સભ્યએ પ્રાસંગિક ઉદબોધન કરેલ. શ્રીમતી ધર્મિષ્ઠાબેનના રાજકીય અને સામાજિક સિધ્ધિઓ વિષે સુરેશભાઈ સવાણી તથા ઉપેન્દ્રભાઈએ માહિતી આપેલ. સમગ્ર કાર્યક્રનું સંચાલન મોટીવેશનલ સ્પીકર-ઉદઘોષક પ્રકાશ ભીમાણીએ કરેલ. સહ સંચાલક તરીકે દિલીપભાઈ ભલગામિયાએ સહયોગ આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા વરીયા યુવા શિક્ષણ સમિતિ બોટાદ પ્રમુખ મેહુલ જોટાણીયાનાં માર્ગદર્શન હેઠળ સમિતિના તમામ સભ્યોએ જહેમત ઉઠાવેલ. વરીયા ચોવીસી પ્રજાપતિ સમાજના ભાઈ બહેનોએ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મીષ્ઠાબેનને અભિનંદન પાઠવેલ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.